### ધાનેરામાં મીર સમાજની સમશાન ભૂમિમાં જવાના રસ્તા પર

# નગરપાલિકા દ્વારા કચરો નાખી દેતા રસ્તો બ્લોક થયો

**સેવાભાવી મુકેશભાઈ પટેલ દ્વારા પોતાના જેસીબીથી રસ્તો ખુલ્લો કરી વીર સમાજ માટે મદદરૂપ બન્યા**

ધાનેરા

ધાનેરા નેનાવા ત્રણ રસ્તા થી ભારત ની સમાજ ની આવેલી છે



પરંતુ આ સ્મશાન ભૂમિમાં જવાના રસ્તા પર નગરપાલિકા દ્વારા કચરો ઠાલવી દેતા આ રસ્તો બ્લોક થઈ જવા પામ્યો હતો અને સમાજની સ્મશાનભૂમિમાં જવું મુશ્કેલ બન્યું હતું ત્યારે આજે સમાજમાં એક યુવકનું મોત નિપજતા આ યુવકના પરિવારજનોએ યુવકના મૃતદેહને સમસાન ભૂમિ મા લઈ જવાબ ખૂબ જ મુશ્કેલ બન્યો હતો.

ત્યારે મીર સમાજ દ્વારા મૃતદેહને લઈ જવાનો રસ્તો કલીયર કરવા માટે નગરપાલિકાને પણ જાણ કરી હતી પરંતુ નગરપાલિકાની ટીમ અત્યારે સીએમ આગમનની તૈયારીઓમાં વ્યસ્ત હોવાના કારણે તેમને રસ્તો ખુલ્લો કરી આપ્યો ન હતો જેથી કરીને મીર સમાજના લોકોની મુશ્કેલી વધી હતી પરંતુ ત્યાંથી પસાર થતાં મુકેશભાઈ પટેલે પોતાની માનવતા મહેકાવી હતી અને પોતાનું જીસીબી લાવી આ મીર સમાજના સમસાન ભૂમિ માં જવાનો રસ્તો કરી આપ્યો હતો અને મીર સમાજના લોકો માટે આ મુકેશભાઈ મદદરૂપ બન્યા હતા.

# શામળાજીના ધુલેટામાં બર્થડે પાર્ટીમાં ડીજે વગાડવા થયેલી બોલાચાલીની અદાવતમાં ખેલાયો ખૂની ખેલ

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં લોકો એકબીજાના ખૂનના પ્યાસા બન્યા હોય તેમ નિર્દયી બની હત્યા કરતા ખચકાતા નથી. જીલ્લામાં હત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. જીલ્લામાં વધુ એક યુવકની હત્યાની ઘટના બનતા ભારે ચકચાર મચી છે. શામળાજીના ધુલેટા (પાલ્લા) ગામમાં બર્થડે પાર્ટીમાં ડીજે વગાડવા અંગે પાડોશીઓને ગામના જ યુવક સાથે ઝગડો થયો હતો તેની અદાવત રાખી પિતા-પુત્ર અને અન્ય એક શખ્સે મળી યુવકનું ઢીમ ઢાળી દેતા સમગ્ર પંથકમાં હાહાકાર મચ્યો છે. યુવકની હત્યાની ઘટનાના પગલે શામળાજી પોલીસે યુવકની લાશને પીએમ માટે ખસેડી ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધી હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. એક સપ્તાહ પહેલા ભિલોડાના ડોડીસરા ગામે

## ત્રણ શખ્સોએ યુવકને રહેશી નાખ્યો

તાંત્રિકને વિધી કરવાના બહાને વીજ કરંટ આપી હત્યા કરનાર કુખ્યાત બુટલેગર સુકા ડુંડ અને તેના સાગરીતોને ઝડપી પાડવા છાપા મારી રહેલી પોલીસે અન્ય એક હત્યાની ઘટનાના પગલે દોડતી થઈ છે.

શામળાજી નજીક આવેલા ધુલેટા(પાલ્લા) ગામે પિતા-પુત્ર અને અન્ય એક શખ્સે ૨૦ વર્ષીય કલ્પેશ કાંતિભાઈ ડામોર નામના યુવકની હત્યાના પગલે પંથકમાં ભરેલા અગ્ની જેવી સ્થિતી પ્રવર્તી રહી છે. ધુલેટા(પાલ્લા) ગામે રહેતા કમલેશભાઈ નિનામાના પુત્ર દિવ્યેશનો જન્મ દિવસ હોવાથી બર્થડે પાર્ટી રાખી હતી જેમાં તેમનો મિત્ર કલ્પેશ પણ સામેલ થયો હતો. જન્મદિવસની ઉજવણીમાં ડીજે વગાડવા અંગે પાડોશી ઉમેશ શીવારજ નિનામા અને તેના પરિવારે કલ્પેશ સાથે ઝગડો કર્યો હતો ત્યાર બાદ ડીજે વગાડવા અંગે થયેલ ઝગડાની અદાવતમાં કલ્પેશ ડામોર સાથે ઉમેશ શીવરાજ નિનામા, શિવરાજ બદાભાઈ નિનામા અને રાજુ નાનજીભાઈ નિનામાએ ફરીથી ઝગડો કરી ઉમેશ નિનામાએ કલ્પેશ ડામોર પર લાકડી વડે અને ગડદાપાટુનો માર મારતા કલ્પેશ ડામોરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બેભાન જેવી હાલતમાં પરિવારજનોએ સારવાર અર્થે દવાખાને ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું, યુવકનું મોત નિપજતા હત્યારા પિતા-પુત્ર અને અન્ય શખ્સ ગામ છોડી ફરાર થઈ ગયા હતા. હત્યાની ઘટનાના પગલે શામળાજી પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે મૃતક યુવકના ભાઈ સંજયભાઈ કાંતિભાઈ ડામોરની ફરિયાદના આધારે ઉમેશ શીવરાજ નિનામા, શીવરાજ બદાભાઈ નિનામા અને રાજુ નાનજીભાઈ નિનામા (ત્રણે, રહે, કુંડી ફળિયું, ધુલેટા) વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ડીસા હોમગાર્ડઝ તાલુકા યુનિટ દ્વારા મહાનુભાવોની પ્રતિમાઓની સાફ સફાઈ



ડીસા, તા. ૫

તા. ૬ ડિસેમ્બરના રોજ દેશભરમાં હોમગાર્ડઝ સ્થાપના દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા શનિવારે ડીસા શહેરમાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓની સાફ સફાઈ કરવામાં આવી હતી. બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ આર.એમ. પંડ્યાની સુચના અને માર્ગદર્શન હેઠળ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઈન્ચાર્જ ઓફીસર કમાન્ડીગ એ.બી. સાધુ તેમજ કલાર્ક બી.વી. ભોકુ સહિત એનસીઓઝ અને હોમગાર્ડઝ સભ્યોની ઉપસ્થિતિમાં હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત ડીસા શહેરમાં આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ, પ્રથમ મહિલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધી, મહાત્મા ગાંધીજી અને પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીજીની પ્રતિમાની સાફ સફાઈ કરવામાં આવી હતી.

# ઊંઝામાં ટ્રાન્સપોર્ટરોના ત્યાં જીએસટીના દરોડા

ઊંઝા, તા. ૫

એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા ઊંઝા માર્કેટયાર્ડમાં અને શહેરમાં આવેલ કેટલાક ટ્રાન્સપોર્ટરોને ત્યાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ વિભાગની રાજ્યની જુદી જુદી ટીમોએ સંયુક્તરીતે વ્યાપક દરોડાઓ પાડતાં વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોમાં ભારે ફફડાટ સાથે ખળભળાટ મચી ગયો છે.

વેપારીમથક ઊંઝામાં નિયંત્રિત જણસીઓના વેપારમાં જીએસટીની મોટાપાયે કરચોરી થતી હોવાની માહિતીના આધારે રાજ્યના જીએસટી વિભાગની રાજ્યના જુદા જુદા શહેરોની ટીમોએ ગઈકાલે સવારથી અચાનક સ્થાનિક માર્કેટયાર્ડમાં આવેલ કેટલીક વેપારી પેઢીઓ તેમજ ટ્રાન્સપોર્ટ કંપનીઓના સ્થળોએ દરોડાની કામગીરી શરૂ કરી હતી. આ દરોડાઓની વાત વાયુવેગે ફેલાઈ જતા બજારમાં સોપો પડી ગયો હતો. કહે છે કે લગભગ ૪૦ ઉપરાંતની વેપારી પેઢીઓ અને ટ્રાન્સપોર્ટરોને ત્યાં કથિત કરચોરી સંદર્ભે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. જે તપાસની કાર્યવાહી આજ મોડી સાંજ સુધી ચાલુ રહી છે અને હજી આગળ વધુ તપાસ ચાલશે તેમ જણાય છે.

કહે છે કે આ દરોડાની કાર્યવાહી દરમિયાન કેટલાક મોટા ગજાના વેપારીઓ જેઓ રાજકારણીઓ સાથે ઘરોબો ધરાવે છે તેઓ ઝપટમાં આવી ગયા છે. આવા વેપારીઓને ત્યાંથી શંકાસ્પદ બેનામી વ્યવહારો ઝડપાવાની શક્યતા છે. આ ઉપરાંત કથિત બોગસ બિલોના આધારે માલોની હેરફેરમાં કેટલાક ટ્રાન્સપોર્ટરો પણ સકંજામાં આવે તેવી શક્યતા જોવાય છે. દરોડાની કાર્યવાહીમાં શંકાસ્પદ દસ્તાવેજો, ઈલેકટ્રીક ઉપકરણો, સાહિત્ય કબજે કરવા તથા બેંક એકાઉન્ટ પણ સીલ કરવાની દિશામાં તપાસનો દોર આગળ ચાલી રહ્યો હોવાનું કહેવાય છે.

કહે છે કે વિવિધ માલોની થતી આંતર રાજ્ય હેરફેરમાં કથિત બોગસ બિલો ઈશ્યુ થતા હોવાનું પણ જીએસટી વિભાગના અધિકારીઓના ધ્યાન પર આવ્યુ હોવાનું ચર્ચાય છે. આમ મોટાપાયે કથિત ગેરરીતિઓ થકી કરચોરી કરવામાં આવી રહી હોવાનું બહાર આવવા સંભવ છે. જેઓની સામે ગેરરીતિઓ જણાશે તેઓના વિરૂદ્ધમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

## મોડાસા નાગરિક બેંકમાં ત્રણ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત : બેંક બંધ કરાઈ

મોડાસા, તા. ૫

બેંક કર્મચારી દરરોજ અનેક લોકોનાં




સંપર્કમાં આવતો હોય છે. આથી જો પોતે કોરોના સંક્રમિત થાય તો અનેક લોકોને ચેપ લગાડી શકે છે. મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે મોડાસા શહેર સહીત જીલ્લામાં આવેલી બેંકના કર્મચારીઓ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે.

મોડાસાની નાગરીક સહકારી બેંકનો કર્મચારી કોરોનામાં સપડાતા બેંકના અન્ય કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. બેંકનો કર્મચારી કોરોના રેપીડ ટેસ્ટમાં પોઝેટીવ આવ્યો હોવા છતાં બેંકની કામગીરી રાબેતા મુજબ ચાલુ રહેતા અને નાગરિક બેંક વિસ્તારમાં કોરોના પોઝેટીવ દર્દી મળી આવતા આરોગ્ય વિભાગે નગરપાલિકા ચીફ ઓફિસરને પત્ર લખી નાગરિક બેંકકન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોવાથી તાત્કાલિક બંધ કરવામાં આવેની તાકીદ કરતા નાગરિક બેંકના સત્તાધીશોએ ત્રણ દિવસ બેંક બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો.

મોડાસા શહેરની નાગરિક સહકારી બેંકની મુખ્ય બ્રાન્ચનો કર્મચારીનો કોરોના રેપીડ ટેસ્ટ પોઝેટીવ આવતા અને બેંક વિસ્તારમાં કોરોના સંક્રમણનો ભય હોવા છતાં બેંકનું કામકાજ ચાલુ રખાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું અને બેંક કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોવાથી બેંકને તાત્કાલીક ધોરણે બંધ કરાવવા મોડાસા અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરે નગરપાલીકા ચીફ ઓફિસરને પત્ર લખતા બેંક સત્તાધીશો હરકતમાં આવ્યા હતા અને નગરપાલિકાતંત્ર બેંક બંધ કરાવે તે પહેલા બેંકના સત્તાધીશોએ ગ્રાહકોમાં કોરોના સંક્રમણ ન થાય તે માટે નાગરિક સહકારી બેંકની મુખ્ય શાખા ત્રણ દિવસ બંધ રાખવાનો નિર્ણય કરી બેંકનું કામકાજ સ્થગીત કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગે બેંક વિસ્તારમાં સર્વેની કામગીરી હાથ ધરી સૅનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી.

## રણાસણ ચોકડી પાસે ટ્રકે હડફેટે લેતા બે ને ઈજા, એકનું મોત

**આગળ જતી ટ્રકને પાછળ જતી ટ્રકે ટકરાવી હતી**

હિંમતનગર, તા.૫

હિંમતનગર તાલુમાના ગાંભોઈથી રણાસણ ચોકડી તરફ અઠવાડીયા અગાઉ જઈ રહેલ એક ટ્રકને બીજી ટ્રકે પાછળથી ટક્કર મારતા બે જણાને ઈજા થઈ હતી. જે પૈકી એક જણાનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. જે અંગેની ફરીયાદ બુધવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી.

આ અંગે હિંમતનગર તાલુકાના રૂપાલ ગામના દિવ્યરાજસિંહ સુરેન્દ્રસિંહ રહેવરે નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૮ નવેમ્બરના રોજ સવારના સુમારે ગાંભોઈથી રણાસણ ચોકડી તરફ જઈ રહેલ ટ્રક નં.જીજે.૧૨.વાય.૯૦૪૫ ના ચાલકે પોતાના કબ્જાની ટ્રકને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી આગળ જતી ટ્રક નં.જીજે.૧૨.એ.ઝેડ.૭૪૫૪ ને ટક્કર મારી હતી. જેથી અહીથી ચાલતા જતા પૃથ્વિરાજસિંહ અને શિવરાજસિંહ પર ટ્રક નં.જીજે.૧૨.એ.ઝેડ.૪૪૫૪ પડતા બંને જણાને ઈજા થઈ હતી જેથી આ બંનેને સારવાર માટે ખસેડાયા હતા જ્યા ગંભીર ઈજાને કારણે પૃથ્વિરાજસિંહનું મોત નિપજ્યુ હતું જ્યારે શિવરાજસિંહને બંને પગે ફેક્ચર થયુ હતું. જે અંગેની ફરીયાદ બુધવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી.

# ડીસામાં બગીચાથી ફુવારા સર્કલ સુધીના રોડ ઉપર ધૂળનું સામ્રાજ્ય

**ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયા બાદ પણ રોડનું નવીનીકરણ કરવામાં અસહ્ય વિલંબ**



ડીસા, તા. ૫

સમગ્ર ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી નગરપાલિકાની ઘોર બેદરકારી દિન-પ્રતિદિન બહાર આવી રહી છે. લોકોને સુખાકારી-સુવિધાઓ આપવામાં ડીસા નગરપાલિકા નિષ્ફળ સાબિત થઈ હોય તેવું દેખાઈ રહયુ છે, જેમાં ખાસ કરીને ડીસાના મુખ્ય માર્ગો જેવા કે ગાયત્રી મંદિરથી ફુવારા સર્કલ રોડ, બગીચા સર્કલથી ફુવારા સર્કલ રોડ સુધીના મુખ્ય રોડ ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન તોડી પાડવામાં આવેલ. ત્યારબાદ કામગીરી પૂર્ણ થયા બાદ પણ આ રોડનું નવિનીકરણ ના કરવામાં આવતા પરિસ્થિતિ વિકટ બની છે. દિવસ દરમિયાન સતત ધૂળ ઉડે છે જેના લીધે સમગ્ર રોડ ઉપર ધૂળનું સામ્રાજ્ય છવાઈ જતા સ્થિતિ વિકટ બને છે, સતત ધૂળ ઉડતા અહીં પસાર થતા વાહન ચાલકો અને રાહદારીઓને શ્વાસોશ્વાસમા મુશ્કેલી ઉભી થાય છે.

એક તરફ કોરોના મહામારી દરમીયાન માસ્ક ફરજિયાત બનાવાયું છે અને તેમાંય સતત ધૂળ ઉડતા લોકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. આ માર્ગ ઉપર દિવસ દરમિયાન અનેક રાહદારીઓ અને વાહનચાલકો પસાર થાય છે પણ સતત ઊડતી ધૂળના કારણે તેઓ નગરપાલિકાની કામગીરી સામે આક્રોશ ઠાલવી રહ્યા છે. જોકે અગાઉ તહેવારો દરમિયાન આ રોડ ઉપર સતત પાણીનો છંટકાવ કરવામાં આવતો હતો. બાદમાં તે કામગીરી પણ બંધ કરી દેવામાં આવતા સ્થિતિ વિકટ બની જવા પામી છે.

છતાં નગરપાલિકાના સત્તાધિશો વાહનચાલકો અને શહેરીજનોને પડતી મુશ્કેલી બાબતે પગલાં લેવામાં આંખ આડા કાન કરી રહ્યા છે તેમજ વિપક્ષના નેતાઓ પણ ચુપકીદી સેવી રહ્યા છે. ત્યારે ડીસા શહેરજનોની ચિંતા કરવા કોણ આગળ આવશે ? તેવા અનેક સવાલો પણ લોકોના મનમાં ઉઠી રહ્યા છે. જોકે એક તરફ ડીસાના જાગૃત ધારાસભ્ય શશીકાંત પંડ્યા દ્વારા સમગ્ર તાલુકામાં વિકાસલક્ષી અનેક કામો કરવામાં આવી રહ્યા છે ત્યારે ડીસા નગરપાલિકાના સત્તાધીશો આમ પ્રજાને પાયાની સુવિધાઓ આપવામાં પણ પીછેહઠ કરી રહ્યા છે.

# પ્રાંતિજ નગરપાલિકાનું ફરી વિજકનેશન કપાયું

**પહેલા સ્ટ્રીટ લાઇટો અને હવે વોટરવર્કસનું વીજજોડાણ કપાયું**




પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વીજબીલ ના ભરતા પ્રાંતિજ વિજકંપની દ્વારા હમણાં-હમણાં બીજીવાર વીજ કનેક્શન કાપ્યું જેમાં પહેલા સ્ટ્રિટ લાઈટો અને હવે વોટરવર્કસનું વીજજોડાણ કપાયું તો નિયમિત વેરો ભરતાં નગરજનો હાલ તો પ્રાંતિજ પાલિકાના પાપે પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેશે.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વીજબીલના ભરતા ફરી દિવાળી બાદ પાછુ વિજકંપની દ્વારા ગલેચી ભાગોળ ખાતે આવેલ વોટર વર્કસનું વીજજોડાણ કપાયું તો વિજકંપની દ્વારા અગાઉ પણ દિવાળીના તહેવારો ટાળે જ પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સ્ટ્રીટ લાઈટોનું વીજજોડાણ કાપ્યું હતું. ત્યારે પ્રાંતિજ વિજકંપની દ્વારા પ્રાંતિજ નગર પાલિકાના મુખ્ય અધિકારી આકાશભાઈ પટેલને ૧૨ લાખ વિજબીલ બાકી હોવાથી આઠ-આઠ નોટીસો આપ્યા બાદ પણ વિજબીલ ના ભરતા આખરે છેલ્લી નોટીસ ૨૪-૧૧-૨૦૨૦ ના રોજ આપી હતી પણ છેલ્લી નોટીસ પાઠવ્યાના દસ દિવસ બાદ પણ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વીજબીલ ના ભરતા આખરે પ્રાંતિજ વિજકંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા પ્રાંતિજ ગલેચી ભાગોળ ખાતે આવેલ વોટરવર્કસનું વીજજોડાણ કાપ્યુ હતું. હાલ તો વીજ જોડાણ કપાતાં નિયમીત વેરો ભરતાં નગરજનોને પાણી માટે વલખાં મારવા પડશે તેમ કહીએ તો નવાઈ નહી.

## દાંતા-પાલનપુર હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે ટક્કર એકનું મોત બે ઘાયલ : ટ્રક ચાલક ફરાર



દાંતા. તા. ૫

દાંતા-પાલનપુર હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું કરૂણ મોત થયું છે. આ સાથે માર્ગ અકસ્માતની ઘટનામાં બે વ્યક્તિને ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ તરફ ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાને લઈ મૃતકના ભાઈએ ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના દાંતા પંથકના મોટાસડા પાસે માર્ગ અકસ્માતની ઘટના બનવા પામી છે. ગઈકાલે વડગામ તાલુકાના સીસરાણા ગામના નરેશભાઈ વાલ્મિકી (રાઠોડ) ઈકો કાર લઈ વર્ધીમાં દાંતા બાજુ ગયા હતા. જ્યાંથી પરત ફરતી વખતે રાત્રે આશરે નવેક વાગે તેમને મોટાસડા ગામના પુલ પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં નરેશભાઈનું ઘટના સ્થળે જ કરૂણ મોત થતાં પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે અનલોકમાં મળેલી છૂટ વચ્ચે માર્ગ અકસ્માતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલે મોડીરાત્રે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું મોત થતાં ચકચાર મચી ગઈ છે. આ સાથે કાળુભાઈ અને અન્ય એક વ્યક્તિને ઈજા થતાં તેમને પાલનપુર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ તરફ મૃતકના ભાઈ મોહનભાઈએ ટ્રકના ડ્રાઈવર સામે દાંતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકા મથક ખાતે દબાણોની સમસ્યા વધતા સ્થાનિક પ્રજાજનો પરેશાન

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગેરકાયદેસર કાચા-પાકા દબાણો,બાંધકામની સમસ્યા દિન-પ્રતિ-દિન વધતા સ્થાનિક જાગૃત પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ગેરકાયદેસર દબાણો હટાવવામાં સદંતર નિષ્ફળ નિવડી રહ્યા હોઈ તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. કાયદાની ઐસી-તૈસી કરીને કાચા-પાકા દબાણોનો રાફડો ફાટ્યો છે. કોઈ પણ પ્રકારની રોકટોક વગર અવનવા દબાણો રોજબરોજ થઈ રહ્યા છે.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સત્તાધીશો અને વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ મુકપ્રેક્ષક બનીને આંખ આડા કાન કરી રહ્યા હોઈ ત્યારે કાચા-પાકા દબાણો કરતા દબાણકારોને જાણે કે મોકળુ મેદાન મળી ગયું હોઈ તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે.ગેરકાયદેસર દબાણોનું પ્રમાણ છેલ્લા ઘણા સમયથી ફુલીફાલી રહ્યું છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે લારી, ગલ્લા, પાંથરણા કે પછી પાકી દુકાનો, ઘર આગળ ખુલ્લા ભોગવટાની માર્જીનની જગ્યાઓમાં ગેરકાયદેસર રીતે દબાણો વધતા સ્થાનિક પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ગેરકાયદેસર દબાણો હટાવવા સંદર્ભે ન્યાયિક રજુઆતો હોવા છતાં ગેરકાયદેસર દબાણો ન હટાવતા દબાણકારોને હવે છુટો દોર મળી ગયો હોઈ તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે.

ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારમાં ઠેર-ઠેર તોતીંગ દબાણો બિલાડીના ટોપની માફક ફુલી ફાલી રહ્યા છે. કાયદાની ઐસી તૈસી કરીને દબાણકારો કાચા-પાકા દબાણો અને બાંધકામ કરતા હોઈ ત્યારે વિવિધ માર્ગો પર ભારે સાંકડામણ અનુભવાય છે. રાહદારીઓ, વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. વાહનોની સંખ્યા દિન-પ્રતિ-દિન વધતા ટ્રાફીકની સમસ્યાનું ગ્રહણ જોવા મળી રહ્યું છે. રેસીડેન્ટ એન.એ. ટાઈટલ કલીયરવાળી વિવિધ જગ્યાઓ પર કોમર્શીયલ કોમ્પલેક્ષો ધમધમી રહ્યા છે. જ્યાં પાર્કીંગ, શૌચાલય, સી.ડી. સહિત ખુલ્લા ભોગવટાની જગ્યા પર દબાણો હોઈ પરંતુ વહીવટી તંત્રની આંખ આડા કાન ધરવાની વૃત્તી હોઈ ત્યારે દબાણોનું પ્રમાણ કુદકે ને ભુસકે વધતું જાય છે. રસ્તાઓ પૈકીના દબાણોનું પ્રમાણ ઠેર-ઠેર જોવા મળી રહ્યું છે.ગેરકાયદેસર કાચા-પાકા દબાણો સત્વરે હટાવવામાં આવે તેવી જાગૃત પ્રજાજનોની પ્રબળ માંગણી ઉદ્ભવી છે.

એસ.ટી. બસ સ્ટેશન પાસે પાકી દુકાનો આગળ ખુલ્લા ભોગવટાના માર્જીન વાળી જગ્યાઓમાં પાકી દુકાનના અમુક માલીકો તોતીંગ ભાડા વસુલી રહ્યા છે.